# બ્રિટિશ કાળમાં ઇન્ડિયન સિવિલ સર્વિસમાં જોડાનાર સૌપ્રથમ ભારતીય કોણ હતાં?

1. **"અલવિ" શબ્દનો સમાનાર્થી પસંદ કરો.**
(૧) અટપટી (૨) ધીરજ (૩) વીરતા (૪) નિર્મળતા

2. **"કૌતુકપ્રિય" શબ્દનો વિરુદ્ધાર્થી પસંદ કરો.**
(૧) ઉદાસીન (૨) કાયમી (૩) અપ્રસ્તુત (૪) સુહૃદયી

3. **"જયંતી" શબ્દનો વિરુદ્ધાર્થી પસંદ કરો.**
(૧) સંવત્સરી (૨) નવરોઝ (૩) બેસતું વર્ષ (૪) સ્મૃતિદિન

4. **"કૃષ્ણપક્ષ" શબ્દનો વિરુદ્ધાર્થી પસંદ કરો.**
(૧) અજવાળું (૨) શુક્લપક્ષ (૩) પખવાડિયું (૪) મહિનો

5. **"સકર્મક" શબ્દનો વિરુદ્ધાર્થી પસંદ કરો.**
(૧) દ્વિકર્મક (૨) પરકર્મક (૩) અકર્મક (૪) કર્મક

6. **"ભૂચર" શબ્દનો વિરુદ્ધાર્થી પસંદ કરો.**
(૧) નાદાન (૨) ખેચર (૩) ગાફેલ (૪) વિરોધી

7. **"લાઘવ" શબ્દનો વિરુદ્ધાર્થી પસંદ કરો.**
(૧) યશ (૨) આકર્ષણ (૩) મુફલિસ (૪) ગૌરવ

8. **"ખોડો કાઢવો" રૂઢિપ્રયોગનો અર્થ આપો.**
(૧) જડમૂળથી દૂર કરવું (૨) દરમાંથી ઉંદર કાઢવો
(૩) આંગણમાં નીંદણ દૂર કરવું (૪) અંધકાર દૂર કરવો

9. **"કૂવો હવાડો કરવો" એટલે શું?**
(૧) આપઘાત કરવો
(૨) કૂવામાંથી ખેતરના હવાડા સુધી પાણી લાવવું
(૩) કુવો અને હવાડો જોડે બનાવવો
(૪) કુવામાં જ હવાડો બનાવવો

10. **"નખ ખૂંપવો" એટલે શું?**
(૧) દુશ્મનની ગરદનમાં નખ ખૂંપાવી દેવા
(૨) આંગળી કરતા નખ વધુ મોટો હોવો
(૩) કાબૂ બેસવો (૪) કોઇને પાયમાલ કરી દેવું

11. **"નાકમાં ઊંટ ચાલવાં" એટલે શું?**
(૧) નાકમાં બહુ મેલ જામવો (૨) ખૂબ ઊંચા હોવું
(૩) ખૂબ ગર્વ હોવો
(૪) ઊંટના પેટ સુધીની જ ઊંચાઈ હોવી

12. **નીચે પૈકીનો ક્યા વિકલ્પમાં "પાઘડી ફેરવવી" રૂઢિપ્રયોગનો અર્થ સરે છે?**
(૧) બોલેલું ફેરવવું (૨) બીજા વ્યક્તિની પાઘડી પહેરવી
(૩) એક ઘરેથી બીજા ઘરે રહેવા જવું
(૪) હુંડી વટાવી આપવી

13. **વૃક્ષની ...... કહેવાય અને તારાનું ....... કહેવાય. - યોગ્ય સમૂહવાચક વિકલ્પ પસંદ કરો.**
(૧) ઘટા, ટોળું (૨) ઘટા, ઝૂમખું
(૩) હાર, ખંડ (૪) હાર, મંડળ

14. **હરણનું ...... કહેવાય અને હાથીનું....... કહેવાય. - યોગ્ય સમૂહવાચક વિકલ્પ પસંદ કરો.**
(૧) ઝૂમખું, ટોળું (૨) ઝૂમખું, મંડળ
(૩) ટોળું, જૂથ (૪) પાંજરું, હાથીખાનું

15. **બેડાની .......... કહેવાય અને રૂનું ....... કહેવાય. - યોગ્ય સમૂહવાચક વિકલ્પ પસંદ કરો.**
(૧) ઉતરડ, ગાભલું (૨) હાર, મંડળ
(૩) માળા, જૂથ (૪) થપ્પી, ધણ

16. **નીચેનામાંથી ક્યું એક નિષેધવાક્ય છે?**
(૧) હું એને શીખવું છું. (૨) કેવી ગંદી જગ્યા!
(૩) લખ્યા લેખ મિથ્યા થતા નથી.
(૪) મૂર્ખ જ આવી ભૂલ કરે.

17. **નીચેનામાંથી ક્યું એક વિધિવાક્ય છે?**
(૧) હું રોજ રમવા જાઉ છું. (૨) અરે, કેટલું ખરાબ!
(૩) શી માનવીની લાલસા!
(૪) આ સ્થળ ઓછું રમણીય નથી.

18. **નીચેનામાંથી ક્યો ભાવે પ્રયોગ છે?**
(૧) તમે વસ્તુ આપશો?
(૨) દાદા તારા જોવામાં આવ્યા નહીં
(૩) તારાથી આજે ફરવા જવાશે? (૪) એ શું બોલે?

19. **અનુપમાથી જવાય છે - ભાવે પ્રયોગમાંથી કર્તરિ પ્રયોગમાં રૂપાંતર કરો.**
(૧) અનુપમા જાય છે (૨) અનુપમા ગઈ
(૩) અનુપમા જતી નથી (૪) અનુપમા જશે?

20. **મહારાજ તો ખુશ થઈ ગયા! - આ વાક્યમાં નિપાત જણાવો.**
(૧) થઈ (૨) ગયા (૩) તો (૪) ખુશ

21. **જલીકટ્ટુ તહેવાર ક્યા રાજ્ય સાથે સંબંધિત છે?**
(1) કેરળ (2) તમિલનાડુ (3) ઓડિશા (4) આંધ્ર પ્રદેશ

22. **સુરેન્દ્રનગર જિલ્લામાં યોજાતો તરણેતરનો મેળો ......... ખાતે ભરાય છે?**
(૧) ચામુંડા માતાના મંદિર (૨) ત્રિનેત્રેશ્વર મહાદેવ
(૩) ત્રિમંદિર (૪) રાણકદેવી મંદિર

23. **બૌદ્ધ પુરાતત્વીય સ્થળ દેવની મોરી ..........માં સ્થિત છે.**
(૧) દક્ષિણ ગુજરાત (૨) પશ્ચિમ ગુજરાત
(૩) મધ્ય-દક્ષિણ ગુજરાત (૪) ઉત્તર-પૂર્વ ગુજરાત

24. **નીચે પૈકીની કઇ લિપિ જમણેથી ડાબી બાજુ લખાય છે?**
(૧) દેવનાગરી (૨) ગુજરાતી
(૩) ખરોષ્ઠી (૪) ઉપર પૈકી કોઇ નહીં

25. **ગુજરાતી ભાષાની સૌપ્રથમ પૂર્ણ લંબાઈની ગુજરાતી ફિલ્મ 'નરસિંહ મહેતા'ના નિર્દેશક કોણ હતાં?**
(૧) અરદેશર ઇરાની (૨) નાનુભાઈ વકીલ
(૩) માસ્ટર મનહર (૪) ફારદૂન એ. ઇરાની

26. **પ્રખ્યાત શ્રી વિજય વિઠ્ઠલ મંદિર ક્યાં આવેલું છે?**
(૧) બેલુર (૨) ભદ્રાચલમ્ (૩) હમ્પી (૪) શ્રીરંગમ્

27. **અમરાવતી બૌદ્ધ સ્તુપ ક્યાં આવેલો છે?**
(૧) ઉત્તર પ્રદેશ (૨) હિમાચલ પ્રદેશ
(૩) મહારાષ્ટ્ર (૪) આંધ્ર પ્રદેશ

**જનરલ નોલેજ ક્વીઝ કોર્નર**

28. **પેરીયાર નેશનલ પાર્ક ક્યાં આવેલો છે?**
(૧) કેરળ (૨) તમિલનાડુ (૩) આંધ્ર પ્રદેશ (૪) કર્ણાટક

29. **સાત્રીય નૃત્ય ક્યા રાજ્ય સાથે સંબંધિત છે?**
(૧) આસામ (૨) અરૂણાચલ પ્રદેશ
(૩) પશ્ચિમ બંગાળ (૪) ઓડિશા

30. **ભારતમાં ઇન્ટરનેશનલ ચેરી બ્લોસમ ફેસ્ટિવલ ક્યાં યોજાય છે?**
(૧) અરૂણાચલ પ્રદેશ (૨) મેઘાલય
(૩) નાગાલેન્ડ (૪) આસામ

31. **મંજૂષા કલા ક્યા રાજ્ય સાથે સંબંધિત છે?**
(૧) બિહાર (૨) ઉત્તર પ્રદેશ
(૩) હરિયાણા (૪) હિમાચલ પ્રદેશ

32. **કલમકારી ચિત્રકલાનો સંબંધ નીચે પૈકીના ક્યા રાજ્ય સાથે છે?**
(૧) કર્ણાટક (૨) આંધ્ર પ્રદેશ (૩) તમિલનાડુ (૪) કેરળ

33. **વારલી પરંપરાગત ચિત્રકલાનો સંબંધ નીચે પૈકીના ક્યા રાજ્ય સાથે છે?**
(૧) ગોવા (૨) મહારાષ્ટ્ર (૩) કર્ણાટક (૪) મધ્ય પ્રદેશ

34. **બ્રિટિશ કાળમાં ઇન્ડિયન સિવિલ સર્વિસમાં જોડાનાર સૌપ્રથમ ભારતીય કોણ હતાં?**
(૧) સત્યેન્દ્રનાથ ટાગોર (૨) સુભાષ ચંદ્ર બોઝ
(૩) સુરેન્દ્રનાથ બેનરજી (૪) દાદાભાઈ નવરોજી

35. **"નવરસ"માં નીચે પૈકીનો ક્યો રસ સમાવિષ્ટ નથી?**
(૧) બિભત્સ (૨) અદ્ભુત
(૩) રૌદ્ર (૪) લાવણ્ય

36. **પ્રાચીન ભારતના ગુપ્ત કાળમાં "વિષ્ટિ" શબ્દનો અર્થ શો થતો હતો?**
(૧) સોનાના નિભાવ માટે જનતા પરનો કર
(૨) એક પ્રકારનું જમીનનું દાન
(૩) બળજબરીથી કરાવાતી મજૂરી
(૪) રાજા અને રાણી વચ્ચેનો એક પ્રકારનો વ્યવહાર

37. **વડોદરાના ગાયકવાડ વંશના સ્થાપક ગણાતા પિલાજીરાવ ગાયકવાડનું અનુગામી કોણ બન્યું?**
(૧) દામાજીરાવ દ્વિતીય (૨) ત્રિમ્બક રાવ દભાડે
(૩) દામાજી પ્રથમ (૪) ખાંડેરાવ

38. **મુઘલ બાદશાહ અકબરે ક્યા વર્ષમાં ગુજરાત જીતી લીધુ હતું?**
(૧) ૧૫૭૧ (૨) ૧૫૭૨ (૩) ૧૫૭૩ (૪) ૧૫૭૪

39. **જૈનધર્મના ૨૪મા તીર્થંકર મહાવીરસ્વામીને કઇ નદીના કિનારે કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થયું હતું?**
(૧) ઋજુપાલિકા (૨) પ્રિયદર્શના (૩) ગંગા (૪) યમુના

40. **મહાવીરસ્વામી ક્યા સ્થળે નિર્વાણ પામ્યા?**
(૧) વૈશાલી (૨) પાવાપુરી (૩) રાજગૃહી (૪) પાલિતાણા

41. **મહાવીરસ્વામીએ પોતાનો ઉપદેશ કઈ લોકભાષામાં આપ્યો હતો?**
(૧) સંસ્કૃત (૨) બ્રાહ્મી (૩) અર્ધમાગધી (૪) પ્રાકૃત

42. **ગૌતમ બુદ્ધનો જન્મ ક્યારે થયો હતો?**
(૧) ઇ.સ. પૂર્વે ૫૬૦ (૨) ઇ.સ. પૂર્વે ૫૬૨
(૩) ઇ.સ. પૂર્વે ૫૬૪ (૪) ઇ.સ. પૂર્વે ૫૬૬

43. **માનવજાતિને બંધનોમાંથી મુક્તિ અપાવવા માટે ગૌતમ બુદ્ધનો સંસાર ત્યાગ ક્યા નામે જાણીતો છે?**
(૧) મહાભિનિષ્ક્રમણ (૨) મહાનિર્વાણ
(૩) મહાપરિત્યાગ (૪) મહાબહિર્ગમન

44. **ગૌતમ બુદ્ધ ક્યા સ્થળે નિર્વાણ પામ્યા હતાં?**
(૧) કુશિનગર (૨) લુમ્બિનીવન
(૩) બોધગયા (૪) ઉદયગિરિ

45. **"કોઇપણ દેશમાં પ્રાચીન પશુમૂર્તિનું આવું સ્વરૂપ મળવું કઠિન છે, જે કલાની સુંદર કૃતિ જેવું શ્રેષ્ઠ છે." - સારનાથના સ્તંભ માટે આવું કોણે કહ્યું હતું?**
(૧) જેમ્સ પ્રિન્સેપ (૨) વિન્સેન્ટ સ્મિથ
(૩) ડૉ. આર. જી. ભંડારકર (૪) સર જ્હૉન માર્શલ

46. **ગૌતમ બુદ્ધના જીવન વિષેનું મહાકાવ્ય 'બુદ્ધચરિત' કોણે રચ્યું હતું?**
(૧) વસુમિત્ર (૨) અશ્વઘોષ (૩) નાગાર્જુન (૪) નાગસેના

47. **તિબ્બત ભાષામાં બૌદ્ધગ્રંથની કઈ બે સંહિતા પ્રસિદ્ધ છે?**
(૧) કઝાર, તંઝર (૨) દીપવંશ, મહાવંશ
(૩) નિકાય, થેરીગાથા (૪) હીનયાન, મહાયાન

48. **બૌદ્ધ ધર્મનું પ્રાચીનતમ્ સાહિત્ય પ્રસિદ્ધ સંહિતા .......માં સંકલિત છે, જે પાલી ભાષામાં લખાયેલું છે.**
(૧) વિનયપિટક (૨) સુત્તપિટક
(૩) ત્રિપિટક (૪) અભિધમ્મપિટક

49. **ગૌતમ બુદ્ધના ગોત્રનું નામ શું હતું?**
(૧) સિદ્ધાર્થ (૨) ગૌતમ (૩) વર્ધમાન (૪) શુદ્ધોધન

50. **લિચ્છવીઓના પાટનગર વૈશાલીની કઈ નૃત્યાંગનાએ તેનું આમ્રવન બુદ્ધના ચરણે ધર્યું હતું?**
(૧) આમ્રપાલી (૨) શલાકા
(૩) પ્રિયતમ (૪) કોશલદેવી

**જવાબો -**

**(૧) ૨ (૨) ૧ (૩) ૧ (૪) ૨ (૫) ૩ (૬) ૨ (૭) ૪ (૮) ૧ (૯) ૧ (૧૦) ૩ (૧૧) ૩ (૧૨) ૧ (૧૩) ૨ (૧૪) ૩ (૧૫) ૧ (૧૬) ૩ (૧૭) ૧ (૧૮) ૩ (૧૯) ૧ (૨૦) ૩ (૨૧) ૨ (૨૨) ૨ (૨૩) ૪ (૨૪) ૩ (૨૫) ૨ (૨૬) ૩ (૨૭) ૪ (૨૮) ૧ (૨૯) ૧ (૩૦) ૨ (૩૧) ૧ (૩૨) ૨ (૩૩) ૨ (૩૪) ૧ (૩૫) ૪ (૩૬) ૩ (૩૭) ૧ (૩૮) ૩ (૩૯) ૧ (૪૦) ૨ (૪૧) ૩ (૪૨) ૪ (૪૩) ૧ (૪૪) ૧ (૪૫) ૨ (૪૬) ૨ (૪૭) ૧ (૪૮) ૩ (૪૯) ૨ (૫૦) ૧**